જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૫/૨૦૧૮ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીતથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૦૮/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૭૩કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૭૯લીટર દેશી દારૂ, ૧૫૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૬ ક્વૉટર અને૭૨બિયર ટીનકબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૮૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૦૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૦૯વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિનીઅને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૦૧૦/૧૮**

**ક્રાઇમબ્રાન્ચ :**શીવકુમાર બાલુરામ ન્યાતી (ઉ.વ.૫૧)(રહે,અમદાવાદ શાહીબાગ કો.ઓ.હા.સોસાયટી, શાહીબાગ) એ તા.૨૮/૫/૧૮ નારોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૫/૧૮ થી તા.૨૮/૫/૧૮ દરમ્યાન હાજીપુરા ગાર્ડનની સામે, એમ.વી હાઉસ ખાતે આવેલ મેસર્સ શીવમ મેટા કાસ્ટ (ગુજરાત)પ્રા.લી નામની ઓફીસમાં તથા ઇ-મેઇલ દ્વારા કોઇ અજાણી વ્યક્તિએ શીવકુમારના ઇમેઇલ આઇ.ડી.નો દુરપયોગ કરી, ખોટા મેઇલ મોકલી, શીવકુમાર ના ૮૬,૪૦૦/- USD જેનું ભારતીય ચલણ પ્રમાણે મુલ્ય રૂપીયા ૫૮,૭૮,૬૫૬/- થાય છે તે CAIXABANK, S.A.– BANK ADDRESS; Avenida Diagonal 621-629 08028 Barcelona, Espana બેન્કમાં જમા કરાવડાવી આ ૮૬,૪૦૦/- USD ઉપાડી લઇ, શીવકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી જે.એસ.ગેડમસાયબર ક્રાઇમ, ક્રાઇમબ્રાંચ નાઓચલાવે છે.

**અમરાઇવાડી :**રાકેશભાઇ ચંદ્રકાત ઇપરતી (રહે,વિવેકાનંદ ઓડાના મકાન, રામીની ચાલીની સામે, રખીયાલ) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૫/૧૮ ના કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે સુખરામનગર ઉત્તમ ડેરીની બાજુમા આવેલ બેંક ઓફ બરોડા શાખામાં રાકેશભાઇના ભાણીયા સંસ્કારને ખાતામાં રૂપિયા ૧૩,૦૦૦/- ભરવા માટે મોકલતા, બે અજાણ્યા છોકરાઓએ રાકેશભાઇના ભાણીયા સંસ્કારને વિશ્વાસમા લઇ, કાગળનું બંડલ રૂમાલમાં આપી તેમા રૂપિયા ૫૦,૦૦૦/- છે તેમ જણાવી, ભાણીયા પાસેથી ૧૩,૦૦૦/- રૂપીયા મેળવી લઇનાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એન.એસ.પરમારચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૧૧/૧૮</u>**

**પાલડી :**અવનીબેન વા/ઓ વિરલભાઇ ભદ્રેશ્વરા (ઉ.વ.૩૦)(રહે,શમેતશિખર સોસાયટી સત્વ એપાર્ટમેન્ટ ની સામે શાંતીવન પાલડી) એ તા.૨૮/૫/૧૮ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૫/૧૮ રાતના ૯/૨૦ વાગ્યાના સુમારે ધરણિધરબ્રિજ ના ધરણીધર ચાર રસ્તા તરફના છેડે રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) અવનીબેનના ગળામાંથી સોનાનો હિરાના પેડલ સાથેનો દોરો કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- મતાનો ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.રબારીચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૧૨/૧૮</u>**

**સોલા હાઇકોર્ટ :** માયાબેન વા/ઓ મયુરભાઇ દોશી (રહે,નવરંગ બંગલોઝ ઉપર કોટ પાસે ભાટીયા ધર્મશાળા રોડ જુનાગઢ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૫/૧૮ કલાક ૬/૩૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન અખબારનગર કીટલી સર્કલ નજીક આવેલ રીક્ષા સ્ટેન્ડ થી સિલ્વર સ્ટાર સુધીની ઓટોરીક્ષા ની મુસાફરી દરમ્યાન રસ્તામાં રીક્ષા ચાલક તથારિક્ષા માં બેસેલા અન્ય ત્રણ ઇસમોએ ભેગામળી માયાબેનની નજર ચુકવી તેમના બેગમાંથી હીરાજડીત સોનાના બ્રેસલેટ કુલ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- મતાના ચોરી કરી લઇ નાસી ગયા છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અમીતભાઇ રણછોડભાઇ ચલાવે છે.

**શાહીબાગ :**આકાશભાઇ રાજેશભાઇ પંડ્યા (હાલ રહે, ઇ/૩૧૧, બીલ્ડીંગ-૨ ન્યુપીજી.હોસ્ટેલ સીવીલ હોસ્પિટલ કમ્પાઉંડ શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૫/૧૮ કલાક ૩/૦૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન રૂમ નં-ઇ ૩૧૧ બીલ્ડીંગ નં-૨ ન્યુ પી હોસ્ટેલ ખાતેના રૂમમાંથી લેપટોપકિંમત રૂપિયા ૩૫,૦૦૦/-, સેમસંગ એસ7 EDGE મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-, સેમસંગ S5 મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- તથા રોકડા રૂપિયા ૨૦૦૦/- કુલકિંમત રૂપિયા ૬૭,૦૦૦/- મતાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એચ.ઝાલાચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.